નવીન વંદેમાતરમ. નવીન.

ૐ શ્રી.

સત્ય,શીયળ,જ્ઞાન,નીતી,અને ભકતી રસથી ભરપુર ગાયનો

અથવા.

ભક્તિ મણી કાવ્ય.

ભાગ ૧ લો.

રચી છપાવી પ્રસીધ કરનાર.

ભીખાલાલ રણછોડદાસ. શાહ.

તથા.

સોમેશ્વર મુળજીભાઈ. પંડયા.

મુ-ચુણેલ. તા-નડીઆદ.

આવૃતી ૧ લી પ્રત [૨૦૦૦]

ધી " મંગળપ્રસાદ " પ્રીન્ટીંગ પ્રેસ—ચુણેલ.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૮

કીંમત ફકત રૂ ૦-૨-૦ બે આના,

શ્રી "મંગળપ્રસાદ" પ્રીન્ટીંગ પ્રેસ.

આ નામનું નવીન છાપખાનું હાલ ચુણેલમાં કાઢવામાં આવ્યું છે. આ છાપખાનામાં પુસ્તકો. હેન્ડબીલો, નોટીસો, પહોંચબુક ઇત્યાદિ સર્વે જાતનું કામ ઇંગ્લીશ, સંસ્કૃત, ગુજરાતી ભાષામાં વ્યાજબી કીંમતે કરી આપીશું. છાપખાનું તથા સરવે સામાન તદન નવો મુંબાઇથી આણેલો છે તેથી સર્વે જાતનું કામ સારૂં સુંદર થાયછે. હરેક કામ નીયમીત રીતે વાયદાસર કરી આપવામાં આવે છે. વળી એકવાર કામ આપી ખાત્રી કરો.

મુકામ- ચુણેલ   તાલુકે નડીઆદ

નવીન. વંદે માતરમ. નવીન.

ભકતી રસથી ભરપુર ગાયનો અથવા.

ભકિત મણી કાવ્ય.

ભાગ ૧ લો.

રચી છપાવી પ્રસીધ્ધ કરનાર.

ભીખાલાલ રણછોડદાસ શાહ.

તથા.

પંડ્યા સોમેશ્વર ફુળજીભાઈ.

મુ ચુણેલ. તા નડીઆદ.

The Mangalprasad Printing Press CHUNEL.

આવૃતિ ૧ લી. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૬૫. સને ૧૯૦૮.

કીમત ફકત રૂ—૦—૨—૦ બે આના.

મુંબઈ—શ્રી " મંગળપ્રસાદ " પ્રીન્ટીંગ પ્રેસમાં પ્રેસના મેનેજર
પંડીત. પ્રસાદરાય નંદલાલે માલીકને માટે છાપી.

ભક્તિ મણી કાવ્ય.

ભાગ ૧ લો.

શ્રી કૃષ્ણાર્પણ નમઃ

શ્રી મંગળાચરણ

૧ રાગ (કયાંથી આ સંભળાય.)

દયાનીધી ભગવંત, પ્યારા પ્રભુ, દયાનીધી ભગવંત;
પુર્ણ કરાવજો ગ્રંથ, પ્યારા પ્રભુ, દયાનીધી ભગવંત.
ભક્ત તણીનો વારે ધાવો, દુઃખનો આણુ અંત —પ્યારા.
પુત્ર કહાવો નંદ જશોદાના, પુંજુ પ્રેમે મહંત. —પ્યારા.
મીરાં તારી અકળ્યા ઉંચાળી, કીધું તુજ પાવન. —પ્યારા.
કુંવરબાઈનુ મામેરુ પુરી, ભક્તનુ કર્યુ જતન. —પ્યારા.
દુઃખજ કાપી સુખને આપો, વદે ભીખો કરી ચીંતવન. —પ્યારા.
દયાનીધી ભગવંત, પ્યારા પ્રભુ, દયાનીધી ભગવંત. —

૨ રાગ શ્રીહરી સહાય થજો.

જસોદાના તનય, કરગરી કહુછુ તમને

અંતર અરજી લ્યો અવધારી, વારે ચઢજ્યો શ્રી ગીરધારી;
માસી મારી દાસી તારી, મંજારી બચ્ચાં બળતાં ઉગારી;
વંદુ નમી નમી તમને..............................જશોદા.
જ્યાં જોઉં ત્યાં જશોદા બાલા, ઠામે ઠામ વસોછો વાલા;
તીલક છાપ તુલશીની માલા, વિનવે છે ભીખાલાલા;
મોક્ષ ગતી દ્યો અમને..............................જશોદા.

૩ રાગ ધીમા ધીમા ચાલોને.

આવો આવો શ્રી નટવર રાયરે
પ્રભુ તમારા નામની લેગો મોટી;
સગાં સબંધીની માયા સર્વે ખોટી. – છો મહારાયરે – આવો ૦

સાખી

આ સેવકની સાંભળો, વિનંતી જગરાજ;
ભીખો નમી નમી વિનવે, શરણે લ્યો મહારાજ.
નરસિંહને ઉગારી લીધા શરણે,
હું પાય પડું છું આપના ચરણે,
તેમ આ સેવકને લ્યો શરણે .... છો મહારાયરે – આવો ૦

૪ રાગ શ્રી હરી સ્હાય થજો.

શ્રી હરી શ્યામ ખરા, બીજું સર્વે નકામું;
સાચા મોરલી ધરા, ભજીને મોક્ષ હું પામું..........શ્રી હરી–૦
શ્રી હરીને સર્વે ભજોને, સગાં સબંધી સર્વે તજોને

ભક્તિ રસના શણગાર સજીને, જેથી ભવસાગર તરીને.
ભજન કરીને સુખ પામું ....શ્રી હરી—૦
વાટ જોઉછું હજી તારી, વ્હેલા આવો શ્રી ગીરધારી;
ભીખો વિનવે છે પોકારી, મોક્ષ ગતી દયો અમને મોરારી.
સાચું નામ તમારૂં ....શ્રી હરી—૦

૫ રાગ પુજુ પ્રેમે મહાવીરજીને રાજજીને.

પુંજું પ્રેમે મહાપ્રભુ શ્રીનાથજીને (૨)
જેથી ભવાબ્ધી પાર તરવા ....ભક્તિ વરવા [૨]
મુક્તિ રમણી વરવા કાજ ધરો પ્રભુ ધ્યાન અહો ધરો (૨)
અહો પ્રભુ તું તારક એક ....પુજું

૬ રાગ યૌવન ખીલ્યું.

આયુષ્ય જાયછે, શ્રીહરી કેરૂં ધ્યાન ધરો;
જેથી મોક્ષ પામીને, સિંધુ સેજ તરો, આત્મ પદને વરો;
પામો સુખનો ઝરો, શીખ ઉરમાં ધરો, શ્રી, શ્રી, શ્રી.........આયુષ્ય.
જેથી મોક્ષ પામીને હરી રૂપમાં ખપો, જેથી થાય નફો;
રાત્ય દીન જપો, ના થાય ટપો, શ્રી, શ્રી, શ્રી. ....આયુષ્ય.
હરી સમજીને મનમાં હોંસ ધરો, વળી નીત્ય કરો;
ભક્તિ રસ ખરો, કહે ભીખોજ ખરો; શ્રી, શ્રી, શ્રી.........આયુષ્ય.

૭ રાગ પામ્યો પામ્યો પદમણી.

નહિ નહિ હાં હાં જી (૩) ભુલુ તમ નામહો;
મારા છેલ છબીલા રાયા.—નહિ
આપના નામની ઘટ ઘટ માળા, એવા મારા રાય છોગાળા;
કાને કુંડળ હાં હાં જી [૩] શોભે સુંદર શ્યામડો.—મારા—
મોર મુગટ ધરી પહેર્યું પીતાંબર, ભકત નરશિંહથી હતુ નહિ અંતર;
કહે બીબો હાં હાં જી [૩] એવા ભકતના ભોગીડો.—મારા—
નહિ નહિ હાં હાં જી (૩) ભુલુ તમ નામહો.—મારા—

૮ રાગ બેઠકોમાં ગવાતો વ્રજ રાગ હીંડોળો.

શ્રી જશોદા બાલ, કૃષ્ણ કૃપાલ હીંડોળે ઝુલે;
સારદ ના[illegible] સકળ ઋઉ ઝુલાવે પ્રેમ પ્રભુને.—શ્રી—
મોહના [illegible] સાના ખાતા ગુણ ગાઉ રસાલ;
હરખે ઝુલાવુ ફુલ માળ પહેરાવી શ્રી હરી પરમ કૃપાલ.—શ્રી—
નખ શીખ નીરખી મુરતી હૃદયમાં પ્રેમે લડાવે જે લાડ;
ઝુલાવુ લાલ નવરંગ હીંડોળે તમ વડે ઝુલે સર્વે બ્રહ્માંડ.—શ્રી—
ગીરધર લક્ષ્મીવર મોર મુગટ ધર છો પ્રભુ પરમ પુનીત;
બીબો કહે સુક હૃદય ન ધરશો પાવન કરશો કાપી પાપ ખચીત.—શ્રી—

૯ રાગ [illegible] પ્રીત

ધરો પ્રભુનુ ધ્યાન પ્રેમે ભકત નરનારી

આવ્યા હરીનુ ગાન મોક્ષ ગતી દે ગીરધારી
નરસિંહને દીધુ માન શામળસા પરણાવી
ભક્ત આધીન ભગવાન વારે ચડજો અમારી
ભીખાલાલ ધરે ધ્યાન વિનંતી ઉર ધરજો
પ્રેમ ભજે ભગવાન તેને પાવન કરજો

૧૦ રાગ વ્હાલા વેગે આવોરે.

જશોદાના જાયારે, જગતપતિ રાયારે, આવો ભક્ત કુળ તારવા હોજી
જલદી ઝટ આવો વ્હાલા, નમી નમી કહું છું રે, જુડીને માયારે,
ગોઠી આ કાયારે, જશોદાના જાયારે.—• આવો – •

સાખી

મથુરામાં જન્મીયા, ઉછર્યાં ગોકુળ ગામ;
ગોપીઓને ઉધ્ધારીને, દીધું વૈકુંઠ ધામ.
ઓ આયા જગ રાયારે, જશોદાના જાયારે. ....આવો–•

સાખી

સુખ શાન્તિ આપે સદા, વીનંતી ધરજો કાન;
દાસ ભીખો ધ્યાનજ ધરે, મોક્ષ દેજો ભગવાન.
ઓ અગણિત માયારે, જશોદાના જાયારે. .... આવો–•

૧૧ રાગ મને ભવ પાર ઉતારોરે [૨]

મને ભવ પાર ઉતારોરે [૨] શ્રીકૃષ્ણ કૃપાળુ દેવ ....મને—
ભક્ત જનોની વારે ચઢજો, ધર્મ ધીરાંધર ધીર;
વસુદેવના પુત્રજ કહાવો, સુભદ્રાના વીર. ....મને—
ભુ પર ભાર ઉતારવા પોતે, જન્મ લીધો કરતાર;
કંસરાવને મારીને, વ્રજ ઉતાર્યું ભવપાર. ....મને
નમી નમી કહું છું પાયે લાગી, જગત તણા આધાર;
શેવક ભીખો વીનવે તમને, ઉતારો ભવ પાર. ....મને

૧૨ રાગ નવીન.

લાગી લગ્ની તમારી, ભક્ત લ્યોને ઉધ્ધારી, જા ઉતારી, બલીહારી;
ધન્ય તારી, મુગતી પ્રિય મહારાજ, છો જગરાજ. ....લાગી
લ્યો લ્યોને ઉધ્ધારી, પ્રિતે વંદે નરનારી, સહાય કરો મોરારી;
બોહારી, ગીરધારી, પડું પાય મહારાજ, છો જગરાજ . ...લાગી
ગોવરધન તોળ્યો, સમુદ્ર વલોવ્યો, રત્ન લઈને નાંખ્યા નાગ મારી;
ખુબી તારી, પ્રિય તારી, ભીખો કહે મહારાજ, છો જગરાજ. ...લાગી

૧૩ રાગ હે કહેતા જાજો મારા મહીયરની વાત.

આવી શરણે લ્યોને, ભક્ત જનના હે તાત. (૨)
જગપતિ શરણે લ્યોને.
જગતપતી છો, ભક્ત પીતારે. (૨) નમી નમી કહું છું રાજ

સુધારો સઉ કાજ.   જગપતિ શરણે લ્યોને.
ભવસાગરમાં ભુલો ભટકુ (૨) નથી ઉગરવાનો આરો.
છેલ છબીલા વીનતી કરુ છું આવો તારી લેવા સર્વે સાજ.
જગપતિ શરણે લ્યોને.
દાસ બાબા કહે વીનતી હરી શરણે દઢ રાખો (૨)
જગપતિને ઓળખીને. હે ભક્તિ મુક્તિ રત્ન રસ ચાખો.
હે જગપતિ શરણે લ્યોને. ------ હે શરણે ---- ॰

૧૬ રાગ મન મારાના કરનારરે.

કાચી કાયા માટીની છે મારારે, શાને શીદને તું મન ઉભરાયા,
પાણીના જેવો બન્યો પરપોટોરે, તેવા પલકમાં આવરદા ખોટો;
માતને તાત નારી જુઠી સગાઇ, જીવ જાુદા તે ખેલ બનાયા,
અંત સમય તારે કામ નહિ આવે, જાણીને જીવ લપટાયારે — જીવ ॰
રાવણ મરાણું, દુર્યોધન મરાણા, નથ રહી અમર કાયા;
ગોપીચંદન રાય સમજી ગયા તેના, જગમાં તે જશ ગવાયારે — જીવ ॰
વણઝારાની જેવી વૃષ્ણ કહાણી, તેવા ભુંડા તે દીન ગુમાવ્યા;
બાપાલાલજી વીનવીને કહે છે, ભજીને જગર વારે ... . જીવ ॰

૧૫ રાગ મુંઝાણી મારા હરીએ દેખાણી.

અરજ વાત મારી ઉરધારો. કહું તમને નમીને;
હરિ આ અંતર અંગ ઉતારો, ચંદુ તુને લળી લળીને.

સાખી

અંતર તારો આશરો, તું શામળીયો નાથ;
ભક્ત જનોની વારે ચઢી, ગ્રહોને મારો હાથ.
સમરને સદા શ્રી હરી, ભવ સાગર જાશો તરી;
મીરાંરે મારા ભજોને શ્રી ગીરધારી, આખરે જાશો તરીરે — અબુ રે —

સાખી

દુનીયા મારગ બેય છે, એક પુન્ય બીજું પાપ;
પુન્ય કરે તે પામશે, નહિતર ખાશે માર.
ભીખાલાલ કહે છે વારી વારી, કહું તમને નમીરે ...... અબુ રે — •

૧૬ રાગ પ્રેમથી, પ્રેમથી, પ્રેમથીરે.

પ્રેમથી, પ્રેમથી, પ્રેમથીરે, આપો ભક્તિ રસ રંગ પ્રેમથી ... આપો — •
ચિત્ત ચરણ ધરો, પ્રેમ નજરથી, ભક્તિ કરો પુરા પ્રેમથીરે — આપો —
ભવસાગરમાં ભુલા શું ભટકો, કરો દર્શન ખરા નેમથીરે ... આપો — •
ભક્તિના રસરંગ જુદા જુદા છે, ખરા અંતરથીને બીજા ઉપરથીરે · આપો •
ભીખાલાલ કહે પ્રિતેથી ભજજો, તો નહિ રહે ફેરા આ ભવથીરે · આપો •

૧૭ રાગ રામ વ્હારે ચઢાતો વ્હેલા આવજોરે.

ધન્ય કાંકરોલી રૂડુ ગામ છે રે;
ગુરૂ બાલકૃષ્ણનું ત્યાં ધામ છેરે- ૧
મારા વાલાં તે ત્યાં બીરાજતારે;
શેવક ઘેર છબીમાં છાજતારે. ૨
રૂડાં કાનેતે કુંડળ જડીયાંરે;
પ્રેમ ફેટામાં પુરાં પડીયાંરે. ૩
એવા પરમ ગુસાંઈ બાલ કહાવેરે;
પ્રેમ નરનારી સર્વે વધાવેરે. ૪
ઘણા ઘણા વીનવો નેમથીરે;
કર નેમે દરશન જે પ્રેમથીરે. ૫
ભક્તિ કરે તેના ફેરા ટળીયારે;
ગુરુને ચરણે ભીખાલાલ નમીયારે. ૬
તેનાં પાપ સકળ નાશ પામશેરે;
અંતે વૈકુંઠ મધ્યે બીરાજશેરે. ૭

૧૮ રાગ દુમીલા છંદ.

પ્રિતે પ્રેમ કરો, ખરી ભક્તિ વરો સતસંગ કરો, પ્રભુ ચીત્ત ધરો,
નીંદા મુકી પરી, શાન્તિ ચીત્ત ધરી, મુક્તિ રમણી વરી, પિવો અમૃત ઝરો.-પ્રિતે.
રાઉ પ્રેમ ભજો. ભક્તિ સાજ સજો, આળશ અંગે તજો, શીખ હૃદય ધરો.-પ્રિતે
ભક્તિ જો કરો, વઇકુંઠ પાય ધરો, કહે ભીખોજ ખરો, ભક્તિ નાશ કરો.-પ્રિતે

૧૯ રાગ— ગરૂડ ચઢી આવજો ગીરધારી.

મારે ઘેર આવજોરે મોરારી હું તો સમરૂં શ્રી ગીરધારી—મારે—

માટે જુઓ છે ભક્તજન વ્હાલારે આવો નંદ જશોદાના લાલા

ધરે ધ્યાન આ વિનતિ મારી, મારે ઘેર આવજોરે મોરારી—૧

જેમ નરસિંહની વારે ધાયારે, તમે વસુદેવ દેવકીના જાયારે,

તેમ ભક્તને લેજો ઉધ્ધારી, મારે ઘેર આવજોરે મોરારી.—૨

સતી દ્રૌપદીનાં પુર્યાં ચીરરે, એવા ધર્મ ધારીધર ધીરરે;

સાચા લક્ષ્મીવર છો ગીરધારી, મારે ઘેર આવજોરે મોરારી—૩

અંબરીષની વારે ચડીયારે, કણનાતે કોઠાર ભરીયારે;

સતી નારી અહલ્યા ઉદ્ધારી, મારે ઘેર આવજોરે મોરારી —૪

ઝેરનો પ્યાલો પાયો શ્રીગીરધારીરે, બાઇ મીરાંને લીધાં ઉગારીરે;

પયપાન કરીને માશી મારી, મારે ઘેર આવજોરે મોરારી —૫

ગાય રણછોડદાસના પુત્રરે, નામે ભીખાલાલજી સુતરે;

વંદે લળી લળી પ્રિતે પોકારી, મારે ઘેર આવજોરે મોરારી -૬

૨૦ રાગ—ભજન.

હે મનવા તું હેતે હરીને ભજી લેનેરેજી.

હે તારા દુર્ગુણો દુર કરી દેને—હે મનવાતું—૰
સગાં સબંધી સરવે કામ નહિ આવેરે–[૨]
ભજીને ભવસાગર તરી લેને—હેમનવાતું—૰
માયાને કાયા સર્વે જુઠાનું જાણજેરે,
પ્રેમી થઈને પ્રભુને જપી લેને—હે મનવા તું–
ભોગીલાલ કહેછે, ગીરધારીના ગુણ ગાજે (૨)
તું ચરણ કમળ ચીત દેને.—હે મનવા તું—

૨૧ રાગ—અગર ચોર[૨) નગમોહન તેરા.

સહુ ભજો (૨) શ્રી નટવર રાય ભજ્યાથીતો દુઃખ જાય,
અંતે સદગતી મોક્ષ પમાય અંતેપ્રભુ થાયે સહાય
પ્રભુ ભજોને, ભકિત સજોને, જન્મ મરણ ટળી જાય
સંસારનુ સુખછે કેવુ આગર સ્વપ્નાં જેવુ
માનો સીખ કહુછુ ઠીક ભોગીલાલ કહે ભજયાથી શુભથાય–ભજ્યાથી–

૨૨ રાગ—ઝાંઝર ઝમકેને ઘુઘરિ ઘમકે.

કૃષ્ણ કનૈયાને પ્રેમે જમાડુ, હેતે કરીને પધરાવુરે,–પ્રભુ પ્રેમે આરોગો

પુરણ પોળીને ઘીમાં અંઘોળી; લાડુ કંસુરાઇનિ ધારી પોળીરે—પ્રભુ૦ ,
ચુરમાનો લાડુને મોતીચુરલાડુ, વલા જમતાં થાયે તન ટાઢુરે.—પ્રભુ—
પેંડા બરફીને જલેબી મઝી, મીઠાઈ બનાવી સઉ સરખીરે—પ્રભુ—૦
જાંબુપાકને વળી દુધપાક, ગુલાબપાકને અક્રતપાકરે, પ્રભુ—૦
ફુલકારોટલીને બેવડારોટલી,આઝાતે ઘીમાં અંઘોળીરે.—પ્રભુ—૦
મોળીપુરીને ખારીપુરી. વળી સારી વિદુરની ભાજીરે.—પ્રભુ—૦
કમોદભાતને બીરંજભાત, કમોંનો ખીચડો અતિ સારોરે.—પ્રભુ—૦
ઘામાંતળીયાંને સરસ ભજીયાં, ગલકા કેળાનાં કર્યાં ભજીયાંરે.—પ્રભુ—૦
બત્રીશ રસોઇને તેત્રીશ શાક, જોઇયેતે માગી લેજો પાકરે.—પ્રભુ—૦
તુવેરનીદાળને છુટી વાલદાળ, દહી ભાંગીને કાધી કઢીરે.—પ્રભુ—૦
જળની ઝારીને પીવો વનમાળી. જમી રહ્યા શ્રીમોરારીરે.—પ્રભુ—૦
લવીંગ સોપારીને પાનબીડાં વાળી, મુખવાસ ગીરધારીરે.—પ્રભુ—૦
પલંગ ઢાળ્યોને બાજરે ઢાળી પોઢંના શ્રીવનમાળીરે—પ્રભુ છો સુખદાતા
પોઢણુ કરોને પાંય હું ચાંપુ,, વાયરો ઢોળે વીંજનારરે.—પ્રભુ—૦
સાંભળો શાતાને સુખના દાતા, ભીખાલાલ કહે જગત્રાત્રારે --પ્રભુ—૦
ભીખલાલના સ્વામી રહો મન વીરામી;
પાએ લાગુ હું અંતરજામીરે. પ્રભુ દો સુખસાતા૦

૨૩ રાગ—આસ તનમાં મનમાં બચ્યો છે.

જગતમાં જનમીને શ્યોખુ ફસ્યોખુ,મોહ કેરી જાળમાં;
જળી ગુમાવી તેં આખી જીંદગી (૨) ફસાયો સંસાર નાવમાં. જગતમાં૦
પાપ ને પુન્ય બે મારગ જાણો, સાચું શ્રીહરીનું નામ,
ક્યાંથી ફરી ફરી મનુસા દેહ મળશે, આવા રૂડા સંસારમાં. જગતમાં૦
સીતાપતિનું સમરણ સાચું, રઘુવર ભગવાન;
હરિખાલાલ લળી લળી કહેછે,માનુ પ્રભુનો આભારતું જગતમાં૦

૨૪ રાગ—પુનમ ચાંદની. ગરબો.

મારા પરમ પવિત્રો રટો સદા શ્રીરામનેરે
મનમાં હર્ષ ધરીને સમરો સારંગ પ્રાણ
એવા ઉત્તમ ગુણથી ભરેલા શ્રી ભગવાનછેરે

સાખી

રામ કહો રણ છુટશે કોટી જન્મનાં પાપ
પુન્ય કરો તે પામશો હીણું જમણે હાથ

હસવું રમવું જમવું ભજવા શ્રી ભગવાનનેરે
જેથી દુઃખ જાયને સુખ થયે હમેશા —એવા

સાખી

કામ ક્રોધ મદ મોહજે, રાક્ષસ રૂપી જાણ;
ભજને લોને ભગવાનને, ટાળીને અભિમાન.
ખોટી બુદ્ધિ ટાળી, સારી બુદ્ધિ આપજોરે—
જેથી ધરીએ હમેશ તમારૂં ધ્યાન—એવા—૦

સાખી

સામળશા પરણાવીયા, ભક્તને દીધું માન;
સેવક તમને વિનવે, સ્હાય થાવો ભગવાન
તાંદુલ લઈને સુદામાનું કષ્ટજ કાપીયુંરે
એવા ભક્તના આધીન સદા રહો ભગવાન એવા

સાખી

હરી ભજશો જો હેતથી, જાશે સઘળા પાપ;
જન્મ મરણ ફેરા ટળે, વૈકુંઠ વાસજ થાય.—
કણના કોઠાર ભરીને અંબરીષને સુખ આપીયુંરે—
ભીખાલાલ કહેછે સદા કરોને સહાય.—એવા—૦

૨૫ રાગ. જશોદાના જાયા

મન તું શીદને ભમે, આખર એકલા જાવું;
મન અહંકાર કરે, સ્વપને સુખી ન થવું —મનતું૦
ગાવો સાચા સીતાપતીને, જન્મ મરણનો ફેરો ટળીને;
અંતે એ વગર કોઇ નથીરે; માટે ગાવો શ્રીહરીને.
સાચા દીન દયાળું.— મનતું૦
કામ. ક્રોધ, મદ, મોહ તજીદે, અહંકાર તારો બધો તજીદે;
ભક્તિ રસના શણગાર સજીલે, સોમેશ્વર કહે ભક્તિ કરીલે.
સાચો રસ્તો બતાવું.— મનતું૦

૨૬ રાગ. જેને ચિંતા નથી-

ફરતો નથી મનતું વીચાર સાર;
જાણે નથી જાવું ફરી જમને દવાર— ફરતો૦
રાજપાટ તારાં સરવે નકામાં;
માત તાત તારાં જુઠાં ભામા.— જાણે૦
મનમાં હરીનું નામ જાણ્યું નહિ;
મોહ જાળમાં મુરખ રહયો મોહી.
કર વીચાર મનમાં સાર સાર— ફરતો૦
સોમેશ્વરતો સાચું બતાવે;

અતે તારે કશુ કામ ન આવે.
શાબાસ જેણે ભજ્યા જગકરતાર— કરતો-૦

૨૭ રાગ નહિ નહિ ભુલુ

કેમ ભુલો હાંહાંજી (૩) પ્રભુનું નામહો;
બધી વૃથા જીંદગી ગાળી... કેમ-૦
જન્મ ધરીને રામ ભજ્યા નહિ; ભકિતના શણગાર સજ્યા નહિ-
ખોટી ખોટી હાંહાંજી (૩) જગત કેરી જાળહો— બધી-૦
શીખામણ દેઉછુ હું સારી; સોમેશ્વર કહે વાત વિસ્તારી-
ભજો ભજો હાંહાંજી (૩) મેલી ભગવાનને— બધી-૦

૨૮ રાગ જોબને ઉતારો રાજા

રટો સદા શ્રીરામને; સુખે કરો સૌ કામજી;
ખાવો પીવો ધન વાપરો, હૃદયે રાખીને હામજી.
ભજો સદા ભગવાનને.
રામ ભજ્યા રે જેણે પ્રિતથી, આજ ગાગી બધી હાશજી;
સદા વશ તેને ત્રીભોવન પતિ, અનાથોના જેહ નાથજી.
ભજો સદા ભગવાનને.
હરિશ્ચંદ્ર રાય સત્યવાદીયો, વેઠયું અપાર દુઃખજી;

અંત સમયે આવ્યો શામળો, આપ્યું પરમ સુખજી.
ભજો સદા ભગવાનને.
સુત્રન્વાને બચાવીયો, તાતા તેલની માંયજી
નરસિંહની વારે ચઢી, પુર્યું મામેરુ ત્યાંયજી
ભકત વત્સલ ભગવાનછે
એવા એવાને સ્હાય પોતે કરી, ભજ્યા સદા જદુરાયજી
ભજો સદા સારીંગપ્રાણુને, તેને સદા સ્હાય થાયજી
ભકતને આધીન ભુદરો.
શોમેશ્વર નમી નમી કહે, મારા જીવન આધારજી
તેને ભજ્યાથી દુઃખ ભાગશે, પ્રભુ ઉપર રાખો પ્યારજી
ભક્ત વત્સલ ભગવાનછે.

૨૯ રાગ પ્રણામછે પ્રિયા તુને આ

ભજોને સાચા રામ, સારીંગપ્રાણુ સાચા રામ
મુકી બીજાં કામ, ભજો સાચા સારીંગપ્રાણુ
અંત સમય કામ આવે સાચું હરીનૂં નામ;
ખરો પુણ્યનો મારગ સાચો, સાથે આવનાર,
શોમેસ્વર સાચું કહેછે, ન ભુલો હરીનૂં નામ– ભજો.

૩૦ રાગ ક્ષત્રીકલંક

કેમ ભજે નહિ મનવાતું ભગવાન; અકરમી તેંતો ઉંધું માલું રે
ભજ્યા નહિ તેની ગઇ સુધ્ધ સાન— અકરમી-૦
ડાહ્યા થઈને કરે પટલાઇની વાત— અકરમી-૦
તને યમરાજા મારશે લાત— અકરમી-૦
ગણા કીંધા આડા અવળા અન્યાય— અકરમી-૦
યમ હાથમાંથી નહિજવાય— અકરમી-૦
માટે મનવાતું ભજ ભગવાન; અંતે તું જઇશ તરીરે
બીખો કહે ટાળી નીજ અભીમાન; અંતે તું જઇશ તરીરે

૩૧ રાગ સુજ ઉપર ગુજરી

સર્વે સંસાર માંહે ક્યાંછે પંડીત પુરાણુ
નથી કશુ પણ સાચું જોઈ લીધી એંધાણુ. ૧
જુઠું બોલી મોંહે સાગી વાત નવ કરવી;
બગી ચોરી છીનાળીની વાતજ કાને ધરવી. ૨
હરી કીરતન થાય ત્યાં માણુસ પાંચ પચીશ;
તેમાં સાંભળનારા પુરે પુરા ત્રીશ ૩
ઉપરનું લખેલુ વાંચી વ્હેમ નવ ધરશો;

વિસ વાતો કરનારા મનમાં વિચારજ કરજો. ૪
માટે મારા મિત્ર ભજીજ લ્યો ભગવાન;
ભીખાલાલ કહે ટાળો નિજ અભીમાન. ૫

૩૨ રાગ અતુલ્ય શણગાર છે વારેવારે

ભાવે ભજો ભગવાનને હાંરે...હાંરે;
વીરા તજો અભીમાનને હાંરે...હાંરે.
મોક્ષનું મુળ છે......ભક્તિ ખરીતું,
માટે રીઝાવો ભગવાનને હાંરે...હાંરે;——વીરા-૦

સાખી.

ભાવે ભજો ભગવાનને, અર્પો તન, મન, ધન;
ભક્તિતો ભાવે કરો, મળે મોક્ષ અમુલ્ય રતન.

ભીખાલાલ કહે છે ગીરધરના ગુણ——
જાણ્યેલા રહય મોઝાર છે-હારે...હારે——વીરા-૦

૩૩ રાગ ઝનઝારો.

તમે ભાવે ભજો ગીરધારી, સ્હાય થાશે સદા શ્રી મોરારી

ચોરી જુઠ મુકો તમે અળગી, અર્થ વગરની વ્યાધી વળગીરે
સદા સમરોશ્રી દેવ મોરારી, સ્હાય થાશે સદાશ્રી મોરારી
ચોરે બેસીને પટલાઈ કીધી, જુઠું બોલીને લાંચ બહુ લીધીરે
નાંખો કામ, ક્રોધને તમે મારી, સ્હાય થાશે સદાશ્રી મોરારી
પાપી પ્રપંચી પાપે પેટ ભરતા, ચોરી છીનાળના ધંધા કરતારે
નથી બેસવા કેરી બારી, સ્હાય થાશે સદાશ્રી મોરારી
પુણ્ય કરશોજે જમણે હાથે, તોતે આવવાનું તારી સાથેરે
મુખે ભીખાલાલ કહેછે પોકારી, સ્હાય થાશે સદાશ્રી મોરારી

૩૪ રાગ સ્વપનેમે દરશન દીખાકે સખી

અભીમાન તજી ગાવો સીતાપતી, જાય જન્મો જન્મનાં પાપ અતિ.
અંગે ઉલટના શણગાર સજી, પછી ગાવો સાચા સીતાપતી.
કામ, ક્રોધ મુક, બીજું સર્વે મુકો, ખોટી વાતમાં જનને કેમ ઢુંકો;
ભજો અયોધ્યા વાશી રઘુપતિ, —જાય—૦
દશ, પંદર, કાઈ વીસમાં જાય, કોઈની પડવાની ત્રીશમા કાયે;
અમર થયા નથીને થવાના નથી.—જાયે—૦
અમર થયા જેણે રામ લહયા, મુખે ઉચ્ચાર એહના એહ કહયા;

શામો કહેછે બીજો કોઈ ધણી નથી.—બસ—૦

૩૫ રાગ મરકી સાખી.

અભીમાન મુકો બોલતાં ચુકો, બળને ભુધ્ધી નાઠી;
પાંચ પચીશને સો વરસે પણ, વાટ જોઇ રહીછે કાઠી.
કેમ ભુલો નામ; એક ખરા છે સિતા રામ. કેમ—૦
જગતમાં જન્મીને રામ ભજ્યા નહિ, સાર્થક શું સરવાનું;
પુણ્ય કર્યું હશે તારા હાથે, તો તે ત્યાં મળવાનું
કહે શામોદાશ, હરી ચરણુમાં રાખો વાસ. કહે—૦

૩૬ રાગ રંગે ભર્યા ભર્યા આવો રસીલી

ગાવો ગાનો ગાગા સિતાપતિને, હેતેથી હૈયે ઉતારીને
કામ, ક્રોધ, મદ, મોહ, તજીને, અભીમાનને દીયો મારીને
નરસિહ મહેતે પ્રેમ ભજ્યાતો, પુર્યું મામેરૂં પોતે આવીને,
હરિચંદની વારે ચડીને, સ્હાય કરી આપએ આવીને.
પ્રહલાદજીને બળનો બચાવી, માર્યો હીરણ્યાકસ રાયને
સુધન્વાની તેલ કઢા ઠારી, માર્યોતે શંખ લીખીતને. ગાવો—૦

૩૭ રાગ દયાનીધી ભગવંત

ભાવે ભજો ભગવાન, મારા વીરા ભાવે ભજો ભગવાન;
કષ્ટજ કાપી સુખને આપો, રટું તમારું નામ.—મારા—૦
મીરાં બાઇએ પ્રભુ ગુણ ગાયાતો, વિખડાં અમૃત સમાન—મારા—
રામે રાવણને મારી નાંખ્યો, વિભીષણને દીધુ માન.—મારા—
નરસિંહનું કામજ કીધું ભક્ત આધીન ભગવાન;—મારા—
દાસ ભીખાલાલ એમજ કહેછે, સમજોને સારી ગપ્રાણ. — મારા

૩૮ રાગ ચાલો મારા ચતુર સુજાણ હાં હાં

ભજોને મારા મિત્ર ભગવાન હાં, હાં, હાં;
તજી દેઈ ખોટુ અભીમાન હાં, હાં, હાં.
અંતર ઉતારી દેઇ સાચા હરીને મનમાં રાખો વિશવાસ
કપટ ક્રોધતે કોરાણે મુકો મોટી ઇશ્વરનીછે આશ;
શોમેશ્વરતો સાચુ કહેછે અંતે મોટી જેની આશ. ભજો—૦

૩૯ રાગ આશાગોડી.

રામ ભજીને જીત બાજી, મનતું રામ ભજીને જીત બાજી;
સુખરૂપી સંસાર ભર્યોછે, મોહીને શું થાય રાજી.........મનતું
સ્વપને વંઝા પુત્રજ પામી, આંખ ઉઘાડી જોયું જાગી....મનતું

સુત્રજ શાનો હોય ખોળામાં, મનમાં થઈ બહુ રાજી.....મનતું
શોક સમુંદર જુઠા સમજે, ગોવીંદ ગાનતું ગાજી......મનતું
શોમેશ્વરતો એમજ કહેછે ભજુ નહિતો બગડવાની બાજી.મનતું

૪૦ રાગ ગુજરાતની માલણ આવીરે

સઉ ભજો શ્રીકૃષ્ણ મોરારીરે, વારે ચડશે શ્રી ગીરધારીરે;
સુધન્વાની તેલની કઢા ઠારીરે, શંખ લીખીતને નાખ્યા મારીરે; સઉ૦
ભક્તની વારે ચડજો તત્પરરે બ નીશાભળાશા વાસુદેવરે;
નરસીંહરામની હુંડી શીકારી, વાલે ગોકુળમાં ગયો ચારીરે.- સઉ
અંબરીષની વાર [illegible] [illegible] ઓતાર ધારીયારે;
બાઈ મીરાંને [illegible] [illegible], [illegible] કર્યા શ્રી ચારીરે.- સઉ-
સુદામાજીનું [illegible] [illegible], [illegible] [illegible] સુખ આપ્યુંરે;
મામા [illegible] [illegible] [illegible], [illegible] [illegible] કર્યું શ્રી [illegible]રીરે-સઉ૦
[illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] સઉ [illegible]
ધન્ય [illegible] [illegible] [illegible], [illegible] [illegible] મારી [illegible]રીરે.સઉ-
કાલીદાંમાં [illegible] [illegible] [illegible], [illegible] આનંદ વાધ્યોરે
ધન્ય ધન્ય શ્રી[illegible]ના [illegible], [illegible] [illegible] આ[illegible]રે સઉ૦

૪૧ રાગ ચીઠ્ઠે શહુણ અંજ્હાર ભૈ ચાર

ભજીને જગકરતાર મેરેભાઈ ભજીને— ભજીને-•
ભગવાન ભજીને જીતવું બાજી
અંતે મુકાવનાર મ્હાર મેરાભાઈ— ભજીને-•
સાચું હરીનું નામ ખરૂંછે
મીથ્યા મકીદે જંજાળ મેરાભાઈ— ભજીને-
દાસ શામો એમજ રહેછે
બુરો બુરોછે આ સંસાર મેરાભાઈ— ભજીને-•

૪૨ રાગ મારા રામ ગયાછે વનવાસરે

મારા વીરા ભજો ભગવાનરે
જમનું તેડું ન આવે ફરી. મ.રા•
માતને પેટ તેં તો જન્મ ધરીનેરે,
રટા નહિ સાચા સીતારામરે. જમનું. •
ભક્તિ વીનાની તારી જીંદગી નકામીરે
સાચું વીદરી કેરૂ નામરે. જમનું •
દાસ ભીખાભાઈ વીનતી કહેછેરે
રટોને સદાએ સારી ગમાણુરે જમનુ

૪૩ રાગ દયાનીધી ભગવત

ભજી લેને જગકરતાર, મનતું ભજી લેને જગકરતાર.
માત પીતા તારાં સાથે નહિ આવે, અંતે એ અળગાં થનાર- મનતું •
સુત ભ્રાત દારા બેન બનેવી, સસરો નહિ પાણી પાનાર- મનતું •
મહેલ માળાને સાલો દુસાલો, સાથે નહિ આવનાર- મનતું •
ચંબુને ઝારી તારી કામ નહિ આવે, ખોપરી હાંડી આવનાર- મનતું
સેજ તળાઇ તારી સુની રે પડશે, પાપ પુણ્ય સાથે આવનાર- મનતું
તારી નારી ઘડીન મુંકે, તે તુજને લુટનાર- મનતું
સજન હોઇએતો સગાં સહોદર અંતે એ મીલકત ખાનાર મનતું •
કાકા મામા સર્વે જાણો મીથ્યા સગાઇ જાણનાર મનતું
બેનીરે તારી સાસર વાશો પુરતો સારો કહેનાર મનતું •
નહિતો મુવારે કહી ગાળો ભાંડે પાછળ પીટણી પાડનાર મનતું •
દાશ શોમેસ્વર કહે હરી ભજ્યાથી તુજનુ તારણહાર મનતું •
માટે સર્વે હરીને ભજો ભાઇ જમનો માર મુકાવનાર મનતુ •

૪૪ રાગ ભજન.

ભજ મન રામ તુટી માયા જેથી છુટે જન્મ જંજાળ
પાપ પુણ્ય બે મારગ જાણો બીજન મીથ્યા લારાશે ભજ
સારી ખોટી વરતો કરતો પુછયા નહી કેમ જમ દ્વારે ભજ
સાકાંની નિંદા અજાણી ન કરતો હૈયામાં એના ઉપકારે ભ.જ

તેને માટે દુઃખ ત્યાં પડશે છોડાવશે નહીં તુજ દારારે ભજ
દારા સામો કહે હરીને ભજીને ઉતરે ભવજલ પારારે ભજ

૪૫ રાગ પધી પરહેરી ચીત સાખી

ભજો સદાતે ભગવાંન દુઃખ જ.................શે
તમે રાખજો ભક્તિ કરજોરે સુખ થા...............શે

સાખી.

ભક્ત જન ઉધ્ધારવા, ધર્યો કૃષ્ણ અવતાર;
પાંડવની વારે ચઢી, દુઃખ કાપ્યાંછે અપાર.
એવા ભક્ત આધીન ભગવાંન સુખ થા............શે.ભજો

સાખી.

પ્રહલાદજી ઉગારીયા, કરી સેવકને સહાય;
વિભીષણને સુખ આપીયું પોતેશ્રી જદુરાય;

દાશ ભીખો કહે હરી ભજ્યાથી દુઃખ જા.......શે..તમે.

૪૬ રાગ (વ્રજનાથ હાથ મારો.)

ભજો ભગવાન, તજો અભીમાન;
તજો અભીમાન, ગાઓ હરીનું ગાન.—ભજો૦૧
પાપ જાય આથે, પુણ્ય થાય સાથે;
મોક્ષગતી આપે, નરસિંહની સમાન.—ભજો૦૨
કુશંગે ન ચડશો, નિત્ય સતસંગ કરજો;
આ શીખ સાંભળજો, સહાય થાશે ભગવાન—ભજો૦૩
કર્મ સઉ કરનાર, નંકામથી ફરનાર;
અતે પુણ્ય તરનાર, માટે ભજો ભગવાન.—ભજો૦૪
વારે ધાવો મારી, કહુંછુ પોકારી;
નટવર મોરારી, ભક્ત ધરેછે ધ્યાન—ભજો૦૫
પ્રભુને લાગુ હું પાય, છો મોટા મહારાય;
સેવકને કરો સ્હાય, કહેછે ભીખાલાલ.—ભજો૦૬

૪૭ રાગ. મનહર છંદ [અંતર લાપીકા]

શો સારછે સંસારમાં, જોને તું જાગી અભાગી,
મેરૂ ફેરૂ તરણું ને તરણાના ખેલછે.
સરસમાં સરસ જે રામ નામ સાચું સદા,

ખપતો વખત સદા મુખે તું ઉચ્ચારજે.
રખે તુને શરમ આવે રામનો ઉચ્ચાર કરતાં,
સુરખા તું તારૂં જાણી ચોરી કરવા જાયછે.
સ્મરણ કરીને સદા મનમાં વીચાર કરી,
જીવ ગયા પછી તારા ભુંડા ત્યાં હાલ થશે.

૪૮ રાગ. બનઝારો [અંતર લાપીકા]

ભીમનાથ વારે ચઢો મારી; હર શંકર જય ત્રીપુરારી.
આપ ચોળી લંગોટી ભલી વાળી, તમે જટામાં ગંગા સમાવીરે;
લાજ રાખો હરશંકર ત્રીપુરારી; ભીમનાથ વારે ચઢો મારી......૧
લક્ષ્મીનાપતિ ભગવાન, સારી સાહ્યબી ઇંદ્ર સમાનરે;
રખે કરતા ઢીલ બહુ ભારી; ભીમનાથ વારે ચઢો મારી......૨
નથી ઉગરવાનો આરો, વિશ્ની ચલવીને હાટ બહુ વાળયોરે;
છોકરાંનો બચવા કેરી બારી; ભીમનાથ વારે ચઢો મારી.........૩
ડર લાગેછે આપનો અતિશે, છપ લીધો કાઢયો બહુ રીસેરે;
હામનો આપુ, અરજ સ્વીકારી; ભીમનાથ વારે ચઢો મારી....૪
શક્તિ માતાએ કોપ સમાવ્યો, ત્યારે પ્લેગને ભુંડો આવ્યોરે;
સુણી વાત બધીનો વિચારી; ભીમનાથ વારે ચઢો મારી......૫
કાશી કથાને મતિ મમ થોડી, તમે પ્રેમે ચોળીછે રાખોડીરે;

મને આપો મતિ બહુ સારી; ભીમનાથ વારે ચઢો મારી......૬
ચુક હોયતો કરજો માફ, મારૂં મન સુધારી કરો સાફરે;
નેકીથી કરૂં ભક્તિ તમારી; ભીમનાથ વારે ચઢો મારી........૭
બુકી છપાવનાર ભીખાલાલ, મને શંકર ઉપર ઘણું વ્હાલરે;
બારે ધામોને શ્રીત્રીપુરારી; ભીમનાથ વારે ચઢો મારી;
શીખામણ દેજો મુને સારી; ભીમનાથ વારે ચઢો મારી......૮

૪૯ રાગ (આરતી.)

જય વીર હનુમંતા જય વીર હનુમંતા,
અંજની સુત અતી તેજ (૨) છોજી બળવંતા. જયદેવ જયદેવ
ઉન પાણીએ ન્હાતા મરદન સારૂ કરતા- વીર મરદન [૨]
તેલ સીંદુરની સાથે [૨] ખાંડ શરીરે ધરતા. જયદેવ ૦– ૨
પનોતી હ્યાતી પાયે, દંડ ઘણા સાગ- વીર દંડ (૨)
હજા ફરકે ધોળી (૨) સીતા શોધ વાળા. જયદેવ – ૩
કેશરી પવન કુમાર, કીષ્કીન્ધા વાશી- વીર કીષ્કીન્ધા (૨)
જ્યારે સીતા શોધમાં ગયા [૨] લંકા ગઢ ત્રાસી જયદેવ ૦– ૪
અંજની સુત હનુમંત, હાર ઘણા ચઢતા- વીર હાર (૨)
તેલ પીતા એ દીસા (૨) અખંડ રહે બળતા. જયદેવ ૦–૫
સુમેલ રાણી હનુમંત, વારે ચઢો મારી- વીર વારે (૨)

દાસ ભીખો વીનવેછે (૨) મુખથી આપો મારી. જયદેવ ૦—૬

મુક્ત જગ ઈશની આરતી, જે કોઇ ગાશે- વાર જોઇ (૨)

દાસ ભીખાલાલ કહેછે [૨] સુખ સંપત થશે. જયદેવ ૦—૭

સમાપ્ત.

જાહેરખબર.

નોંધાવો નામ. નોંધાવો નામ.

અમારી તરફથી ટુંક મુદતમાં બહાર પડશે

ભક્તિ મણી કાવ્ય.

ભાગ ૨ જો.

માટે જે ભાઇઓ અગાઉથી ગ્રાહક થનાર હોય તેણે પત્ર વ્યવહાર પોતાનું સીરનામું લખી મોકલવું અગાઉથી ગ્રાહક થનારનાં નામ અમર કરવામાં આવશે. અગાઉથી ગ્રાહક થનાર પાસેથી રૂ ૦—૨—૦ લેવામાં આવશે પાછળથી રૂ ૦—૪—૦ લેવામાં આવશે. માટે જેને [illegible]

વું હોય તેણે નીચેને સીરનામે પત્ર લખી મોકલવો.

નોટપેડ પત્ર લેવામાં આવશે નહિ.

શીરનામુ

ભીખાલાલ રણછોડદાસ શાહ

મુ ચુણેલ તા નડીઆદ

સોમેશ્વર મુળજીભાઈ પંડ્યા

ઠે દેવજીના પાચ ઓરડામાં મુ ડાકોર